# વલસાડ જિલ્લા પંચાયતમાં 49 ફોર્મ રદ

**સૌથી** વધુ 43 ફોર્મ ધરમપુર તાલુકા પંચાયતમાં રદ થયા, મહત્તમ ડમી ઉમેદવારોના ફોર્મ રદ થયા

વલસાડ : વલસાડ જિલ્લા પંચાયતની ચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારી ફોર્મની ચકાસણી બાદ કુલ 49 ફોર્મ રદ કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. ફોર્મ રદ થવાથી અનેક દાવેદારો બહાર થયા છે અને હવે ચૂંટણીનું અંતિમ ચિત્ર સ્પષ્ટ બન્યું છે.

મળતી માહિતી મુજબ જિલ્લા પંચાયતની કુલ 36 બેઠકો માટે 157 ફોર્મ ભરાયા હતા. તેમાંમાંથી 49 ફોર્મ રદ થતા હવે અંતિમ રીતે 108 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. આ પ્રમાણે 36 બેઠકો માટે 108 ઉમેદવારો વચ્ચે સીધી ટક્કર જામશે.

આ ચૂંટણીમાં મુખ્યત્વે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (આપ) સહિતના પક્ષોના ઉમેદવારો વચ્ચે જંગ જોવા મળશે.

કોઈપણ બેઠક બિનહરિફ જાહેર થઈ નથી, જેના કારણે તમામ બેઠકો પર સીધી ચૂંટણી યોજાશે. હવે ઉમેદવારો મતદારોને મનાવવા માટે પ્રચારમાં લાગી ગયા છે અને આવનારી ચૂંટણીમાં ત્રિકોણીય તેમજ સીધી ટક્કર રસપ્રદ બનવાની શક્યતા છે.

## વલસાડ જિલ્લાની તાલુકા પંચાયતોમાં 212 ફોર્મ રદ થયા

વલસાડ : વલસાડ જિલ્લામાં તાલુકા પંચાયતની ચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારી ફોર્મની ચકાસણી બાદ કુલ 212 ફોર્મ રદ કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. ફોર્મ રદ થવાને કારણે અનેક ડમી ઉમેદવારોની દાવેદારી રદ થઈ ગઈ છે અને હવે ચૂંટણીનું અંતિમ ચિત્ર સ્પષ્ટ બન્યું છે. તાલુકાવાર વિગતો મુજબ ધરમપુર તાલુકામાં 108 ફોર્મમાંથી 43 ફોર્મ રદ થયા હતા, જેના પગલે હવે 65 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. કપરાડા તાલુકામાં 85 ફોર્મમાંથી 38 ફોર્મ રદ થયા હતા અને હવે 47 ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ રહેશે. નાનાપોંઢા તાલુકામાં 86 ફોર્મમાંથી 30 ફોર્મ રદ થતા હવે 56 ઉમેદવારો મેદાનમાં છે. પારડી તાલુકામાં 84 ફોર્મમાંથી 29 ફોર્મ રદ થયા બાદ હવે 55 ઉમેદવારો વચ્ચે ટક્કર જોવા મળશે. ઉમરગામ તાલુકામાં 124 ફોર્મમાંથી 35 ફોર્મ રદ થયા હતા, જેથી હવે 89 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા છે. વલસાડ તાલુકામાં 116 ફોર્મમાંથી 37 ફોર્મ રદ થતા હવે 79 ઉમેદવારો વચ્ચે સીધી ટક્કર રહેશે. જિલ્લાની તમામ બેઠકો પર કોઈપણ ઉમેદવાર બિનહરિફ જાહેર થયો નથી, જેથી દરેક વોર્ડમાં સીધી ચૂંટણી થશે અને રસપ્રદ મુકાબલો જોવા મળશે.



# ‘આપ’ના ઉમેદવારનાં અપહરણનો આક્ષેપ

**વલસાડમાં** સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા ગરમાયું રાજકારણ

**વાસણ** તાલુકા પંચાયત બેઠક પર ભાજપ અને આપ વચ્ચે સીધી ટક્કર હોવાથી આ ઘટનાએ જોર પકડ્યું

વલસાડ : સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે વલસાડમાં રાજકીય માહોલ ગરમાયો છે. વલસાડ મામલતદાર કચેરી ખાતે આજે ભારે હાઈવોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો. આમ આદમી પાર્ટી (AAP)ના કાર્યકરો દ્વારા તેમના વાસણ સીટના તાલુકા પંચાયતના ઉમેદવાર ભીખુભાઈ પટેલનું કોઈ અજાણ્યા શખ્સો દ્વારા અપહરણ કરવામાં આવ્યું હોવાના આક્ષેપો કર્યા હતા. જેના વિડીયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયા હતા.

વલસાડ મામલતદાર કચેરી ખાતેથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર ભીખુભાઈ પટેલના કથિત અપહરણને લઈ કાર્યકરોનો હોબાળો મચ્યો હતો. કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા અપહરણ કરવામાં આવ્યું હોવાનો ‘આપ’ના હોદ્દેદારોએ દાવો કર્યો હતો. વલસાડ તાલુકાના વાસણ તાલુકા પંચાયત બેઠક પર ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે સીધી ટક્કર હોવાથી આ ઘટનાએ જોર પકડ્યું છે. ભીખુ પટેલના ગુમ થવા અથવા અપહરણની આશંકાને પગલે આમ આદમી પાર્ટીના મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ મામલતદાર કચેરી પર ઉમટી પડ્યા હતા અને ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે હોબાળો મચાવ્યો હતો. આ ઘટનાને પગલે વલસાડ સિટી પોલીસનો કાફલો ત્યાં ધસી આવ્યો હતો અને મામલો થાળે પાડ્યો હતો.

આ મામલે આમ આદમી પાર્ટી દ્વારા વલસાડ ટાઉન પોલીસ મથકે પહોંચી લેખિત ફરિયાદ આપી હતી. એ સંદર્ભે વલસાડ ટાઉન પીઆઈ આર. એચ. વાળાએ જણાવ્યું કે, આપના કાર્યકર્તાઓ દ્વારા અરજી અપાઈ છે. જોકે, આ ઘટના બની કે નહી તેની તપાસ પછી જ ખબર પડશે.

# સરીગામમાં અપક્ષ ઉમેદવારી રદ કરાવવા ભાજપના વાંધા

**સેશન્સ** કોર્ટ દ્વારા ત્રણ વર્ષની સજા ફટકારવામાં આવી હોય ઉમેદવારી રદ કરવા રજૂઆત કરવામાં આવી!

**બંને** પક્ષોના વકીલોએ દલીલો કરી, ચૂંટણી અધિકારીએ રાત સુધીમાં નિર્ણય સંભળાવવા જણાવ્યુ


ઉમેશ સોલંકી

## ચૂંટણી લડતા અટકાવવા કાવા દાવા થઈ રહ્યા છે

સમગ્ર વિવાદ અંગે અપક્ષ ઉમેદવાર રાકેશ રાયે જણાવ્યું હતું કે વર્ષ 2022 માં સેશન્સ કોર્ટ દ્વારા અમને જે સજા ફટકારવામાં આવી હતી તે હાઇકોર્ટે મોકૂફ રાખેલી છે. મને તથા મારી પત્નીને ચૂંટણી લડતા અટકાવવા કાવા દાવા થઈ રહ્યા છે.

ઉમરગામ : સરીગામ-2 તાલુકા પંચાયત બેઠકની ચૂંટણીના ફોર્મ ચકાસણી દરમિયાન અપક્ષ ઉમેદવાર રાકેશ રાયની ઉમેદવારી રદ કરવા ભાજપના ઉમેદવાર તેના અધિકૃત વ્યક્તિએ વાંધો લીધો હતો. તેને લઈને બંને પક્ષોના વકીલોએ ચૂંટણી અધિકારી સમક્ષ દલીલો કરી હતી આને લઈને રાજકીય ગરમાવો આવી ગયો હતો.

યુવા શક્તિ વિકાસ સંગઠનના રાકેશ રાય દ્વારા સરીગામ-2 તાલુકા પંચાયત બેઠક ઉપરથી ઉમેદવારી નોંધાવવામાં આવી છે. 13 મી એપ્રિલને સોમવારે ઉમેદવારી પત્રકોની ફોર્મ ચકાસણી દરમિયાન ભાજપના ઉમેદવાર દીપકભાઈ મિસ્ત્રી તેના અધિકૃત વ્યક્તિ દ્વારા રાકેશ રાયની ઉમેદવારી રદ કરવા માટે ચૂંટણી અધિકારી સમક્ષ વાંધો રજૂ કરવામાં આવ્યો હતો અને જણાવ્યું હતું કે એક કેસમાં વાપીની સેશન્સ કોર્ટ દ્વારા રાકેશ રાયને ત્રણ વર્ષની સજા ફટકારવામાં આવી છે જેથી રાકેશ રાયની ઉમેદવારી ફોર્મ રદ કરવામાં આવે તેવી માંગણી કરતા અને આ મુદ્દે બંને પક્ષોના વકીલો પણ હાજર રહી ચૂંટણી અધિકારી સમક્ષ દલીલો કરતા ભારે ગરમાવો આવી ગયો હતો. અને મામલતદર ચૂંટણી અધિકારીની કચેરી ઉમરગામ ખાતે ભાજપના નેતાઓ તથા રાકેશ રાયના સમર્થકો આવી પહોંચ્યા હતા.

જોકે આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી સાંજ સુધીમાં આ મુદ્દે કોઈ જ નિર્ણય લેવામાં આવ્યો ન હતો અને રાત્રે નિર્ણય લેવામાં આવશે એવું ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું. હવે આ મુદ્દે નિર્ણય શું આવે તેના ઉપર ભાજપના ઉમેદવાર તથા ભાજપ નેતાઓની અને અપેક્ષ ઉમેદવાર રાકેશ રાય તથા તેમના સમર્થકોની મીટ મંડાયેલી જોવા મળી રહી છે.

## નાની ઢોલ ડુંગરી બેઠક પર કોંગ્રેસના બે ઉમેદવારોનું મેન્ડેટ આવ્યું

ધરમપુર : ધરમપુર નાની ઢોલ ડુંગરીની તાલુકા પંચાયતની બેઠક પર કોંગ્રેસના બે ઉમેદવારનો મેન્ડેટ આવતાં કાર્યકરો અવઢવમાં મુકાયા હતા. જિલ્લા કોંગ્રેસ પ્રમુખે ચૂંટણી અધિકારીને સાચું મેન્ડેટ હિના પટેલનું હોવાનું જણાવતાં અધિકારીએ અન્ય મેન્ડેટ કેન્સલ કરાતાં કોંગ્રેસ કાર્યકરોએ હાશકારો અનુભવો હતો. ધરમપુર મામલતદાર કચેરીએ નાની ઢોલડુંગરી તાલુકા પંચાયતની બેઠક પર અપક્ષ ઉમેદવારી કરનારી મહિલા ઉમેદવાર સુનિતા કલ્પેશ પટેલના પતિ કલ્પેશ પટેલે કોંગ્રેસમાંથી ફોર્મ ભર્યા હતા જેના કારણે કોંગેસ તરફથી મેન્ડેટ આવતાં કોંગ્રેસ કાર્યકરો સ્તબ્ધ બની ગયાં હતાં. જોકે નાની ઢોલડુંગરી બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે હિના પટેલ હોવાથી કોંગ્રેસે હિના જગદીશ પટેલને મેન્ડેટ આપતાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે હિના પટેલ જ કોંગ્રેસના ઉમેદવાર રહેશે એવું સ્પષ્ટ જાણવા મળી રહ્યું છે. જોકે કલ્પેશ પટેલની પત્ની નાની ઢોલડુંગરી બેઠક પર અપક્ષ ઉમેદવારી પત્ર નોંધાવતા કોંગ્રેસ-ભાજપ તથા અપક્ષ વચ્ચે ખરાખરીનો ચુંટણી જંગ ખેલાશે એવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# વાપી મનપામાં ભાજપના 52 કોંગ્રેસના 50 ઉમેદવાર મેદાનમાં

**કોંગ્રેસનો** વોર્ડ નં.૭નો ઉમેદવાર સવા ત્રણે ફોર્મ ભરવા પહોંચ્યો હોવાથી ફોર્મ ભરી નહીં શક્યો

વાપી : વાપી મહાનગરપાલિકાની પહેલી ચૂંટણીમાં માન્ય ઉમેદવારની સોમવારે જાહેર થયેલી યાદીમાં હવે 13 વોર્ડની 52 બેઠકો માટે 129 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જોકે હજી 15 એપ્રિલ સુધી ફોર્મ પરત ખેંચવાનો સમય છે. બુધવારે પ્રતિસ્પર્ધી ઉમેદવારની અંતિમ યાદી બહાર પડશે. તેના આધારે દરેક વોર્ડના ઈવીએમમાં ઉમેદવારના ક્રમ સાથેની અંતિમ યાદી બહાર પડશે. જોકે ઉમેદવારોએ ચૂંટણી માટે ખૂબ ઓછા દિવસો રહ્યા હોવાથી ડોર ટુ ડોર પ્રચાર શરૂ કરી દીધો છે. ભાજપે ચૂંટણી માટે તેનું મધ્યસ્થ કાર્યાલય પણ શરૂ કરી દીધું છે.

જોકે આ ચૂંટણીમાં બધા ઉમેદવારો માત્ર ભાજપના ઊભા રહયા છે. બીજાક્રમ કોંગ્રેસના ઉમેદવાર છે. જોકે કોંગ્રેસનો એક ઉમેદવાર હેમંતભાઈ આહિર ફોર્મ ભરવા માટે સવા ત્રણ વાગે વાપી તાલુકા સેવા સદન પહોંચતા તેમનું ઉમેદવારીપત્ર સ્વીકારાયું ન હતું. તેના કારણે વોર્ડ નં.૭માં ત્રણ ઉમેદવારો રહયા છે. સોમવારે ઉમેદવારીપત્રોની ચકાસણી બાદ 50 ફોર્મ રદ થયા હતા. જેમાં મૂખ્યત્વે ડમી ઉમેદવારોના ફોર્મ વધુ હતા. હવે ભાજપના 52 ઉમેદવારો તમામ બેઠક ઉપર ચૂંટણી લડી રહ્યા છે. કોંગ્રેસના 50 ઉમેદવારો મેદાનમાં છે. કોંગ્રેસનો એક ઉમેદવાર વોર્ડ નં, ૭ તથા એક ઉમેદવાર વોર્ડ નં.૧૨માં ઊભો રહ્યો નથી. જ્યારે આમ આદમી પાર્ટીના 9 ઉમેદવારો તથા અપક્ષ 14 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. 4 ઉમેદવારો આદિવાસી સેવા પાર્ટીના મેદાનમાં છે. હવે બુધવારે ચૂંટણીમાં ઉમેદવારોનું અંતિમ ચિત્ર સ્પષ્ટ થશે.

## કચ્છ એક્સપ્રેસમાં વૃદ્ધાનું અચાનક અવસાન

નવસારી : કચ્છ એક્સપ્રેસમાં મુસાફરી દરમિયાન એક વૃદ્ધ મહિલાનું અચાનક અવસાન થતા દુઃખદ ઘટના સામે આવી છે. મૂળ કચ્છ જિલ્લાના ઘડવ ગામના વતની અને હાલ મુંબઈમાં રહેતા પરિવારની તારાબેન ગાલાને તેમની દીકરી પ્રજ્ઞાબેન ભેદા મેડિકલ ચેકઅપ માટે કચ્છથી મુંબઈ લઈ જઈ રહ્યા હતા. 12 એપ્રિલની રાત્રે કચ્છ એક્સપ્રેસના B/4 કોચમાં મુસાફરી દરમિયાન સુરત નજીક પહોંચતા વહેલી સવારે તારાબેનની તબિયત અચાનક બગડી અને તેમને શ્વાસ લેવામાં ગંભીર તકલીફ થવા લાગી હતી. આ ઘટના અંગે જાણ થતાં નવસારીના સામાજિક કાર્યકર મહેન્દ્ર દરબારે રેલવે પોલીસ અને 108 એમ્બ્યુલન્સનો સંપર્ક કરી વ્યવસ્થા ઉભી કરી. સવારે 7:14 વાગ્યે ટ્રેન નવસારી રેલ્વે સ્ટેશન પર પહોંચતા જ તારાબેનને ઉતારી તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. પરંતુ તબીબોએ સવારે 8 વાગ્યે તેમને મૃત જાહેર કર્યા હતા.



# મેંણધા ગામમાં ખેડૂતના ઘરમાં વિકરાળ આગ ફાટી નીકળી

વલસાડ : કપરાડા તાલુકાના અંતરિયાળ મેંણધા ગામ ખાતે એક ખેડૂતના ઘરમાં સોમવારે અચાનક આગ ફાટી નીકળતા દોડધામ મચી ગઈ હતી. સ્થાનિકો દ્વારા આગ બુઝાવવાના તમામ પ્રયાસો છતાં આખું ઘર બળીને ખાખ થઈ ગયું હતું. તમામ ચીજ વસ્તુઓ બળીને ખાખ થઈ ગઈ હતી. જોકે કોઈ જાનહાનિ થઈ ન હતી. સૂત્રોના જણાવ્યા મુજબ મેંણધા ગામ ખાતે રહેતા રડિયાભાઈ છગનભાઈ કાશીરામ નામના ખેડૂતના ઘરમાં સોમવારે અચાનક આગ ફાટી નીકળતા આજુબાજુ રહેતા લોકોએ દોડી આવી આગને બુઝાવવા અને ઘર વખરી બહાર કાઢવા પ્રયાસો કર્યા હતા, જોકે ગરમી પણ વધુ હોય આગ વધુ વિકરાળ બની હતી. જેને લઈ ઘરમાં મૂકેલી તમામ ઘરવખરી, લાકડા, કપડા અને જીવન જરૂરી વસ્તુઓ, દસ્તાવેજો બળીને ખાખ થઈ જતા મોટું નુકસાન થયું હતું. સદનસીબે કોઈ જાનહાનિ નોંધાઈ ન હતી. ગ્રામ પંચાયત તલાટી નારણ ચોધરીએ તાલુકા વિકાસ અધિકારીને રિપોર્ટ આપ્યો હતો.


સૌથી સસ્તુતો આપે એક જ

5.9% મજૂરી* પ્લેન ગોલ્ડ જ્વેલરી

9.9% મજૂરી* કલકત્તી, એન્ટીક, પોલકી, જડાઉ

R.A. Parikh Jewellers NX

આ રવિવારે શોરૂમ ચાલુ રહેશે.

ચીખલી-બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા.(પૂર્વ) મો.98255 58181


## સંક્ષિપ્ત સમાચાર

### સેલવાસમાં ઢોડિયા પ્રીમિયર લીગનું સમાપન



વાપી : સંઘપ્રદેશ દાદરા અને નગર હવેલીમાં આદિવાસી ઢોડિયા ક્રિકેટ આયોજક કમિટિ દ્વારા ઢોડિયા પ્રીમિયર લીગ સીઝન-3, વર્ષ 2026 ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં દાદરા નગર હવેલીના સમસ્ત ઢોડિયા સમાજમાંથી કુલ 8 ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાંથી ભવાની સુપર કિંગ દાદરા અને ચાણંદદેવી સુપર કિંગ સેલવાસની ટીમોએ ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. જેમાં ચાણંદદેવી સુપર કિંગ્સ ટીમે વિજય મેળવી ચેમ્પિયનનો ખિતાબ મેળવ્યો હતો. આ ટુર્નામેન્ટનું સફળ સમાપન રવિવારના રોજ કુડાચા સ્થિત મહાદેવ ગ્રાઉન્ડમાં થયું હતું. આ પ્રસંગે ઢોડિયા સમાજના પ્રતિષ્ઠિત આગેવાનો, જન પ્રતિનિધિઓ, વિવિધ ગામોના સરપંચો, સેલવાસ નગરપાલિકાના કાઉન્સિલરો તેમજ મોટી સંખ્યામાં યુવાઓ હાજર રહ્યા હતાં. આ ટુર્નામેન્ટ દ્વારા સમસ્ત ઢોડિયા સમાજે એકજૂથતા અને એકતાનો સંદેશ આપ્યો હતો.

### વાંસદાની હોસ્પિટલમાં રક્તદાન કેમ્પનું આયોજન


નિલેશ કાપડિયા

વાંસદા : વાંસદા રાણીફળિયા સ્થિત શ્રી હોસ્પિટલ ખાતે આવેલી શ્રી હોસ્પિટલ બ્લડ સ્ટોરેજ સેન્ટર દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. બ્લડ ડોનેશન કેમ્પનું ઉદઘાટન પ્રદેશ આદિજાતિ મંત્રી દિપ્તી પટેલ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પ વલસાડ રક્તદાન કેન્દ્રના સહયોગથી કરવામાં આવ્યું હતું. એક મહિના પહેલા શરૂ કરવામાં આવેલું શ્રી હોસ્પિટલ બ્લડ સ્ટોરેજ સેન્ટર વાંસદા તાલુકાની સાથે જ ડાંગ જિલ્લા, ડોલવણ તાલુકો, મહુવા તાલુકો, ચીખલી તાલુકો તથા ધરમપુર તાલુકાના લોકોને પણ આશીર્વાદરૂપ સાબિત થયો છે. વાંસદા બ્લડ સ્ટોરેજ સેન્ટર દ્વારા છેલ્લા એક મહિનામાં 500 થી પણ વધુ લોહીની બોટલ સપ્લાય કરી વાંસદાના લોકો માટે એક મોટી જીવાદોરીનું કામ કર્યું છે. સાથે જ ઘણી બધી ઇમરજન્સી કન્ડિશનમાં દર્દીના જીવ બચાવવામાં સફળ રહ્યું છે. આ રક્તદાન કેમ્પમાં 30 જેટલી બોટલ એકત્ર કરી હતી. નવસારી જિલ્લા ભાજપા મહામંત્રી ડો લોચન શાસ્ત્રી દ્વારા “રક્તદાન એ જ જીવનદાન” ના મંત્ર સાથે વાંસદા બ્લડ સ્ટોરેજ સેન્ટર વધુમાં વધુ લોકોને રક્તદાન કરવા માટે અપીલ કરે છે.

### વાપી ડુંગરામાં લાકડાનો ધોકો લઈને ફરનાર કારચાલક સામે કાર્યવાહી

વાપી : વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, પેટ્રોલિંગ દરમિયાન દાદરા ચેકપોસ્ટ પાસે, સેલવાસથી વાપી જતા માર્ગ પર વાહન ચેકીંગ દરમિયાન કારને અટકાવી તપાસ કરતા લાકડાનો ધોકો મળી આવ્યો હતો. કારચાલકનું નામઠામ પૂછતા રાઘવેન્દ્ર સુરેન્દ્ર આરજરીયા (ઉં.32, રહે. મોરારજી દેસાઈ સર્કલ પાસે આવેલ ચાલીમાં, વાપી, મૂળ મધ્યપ્રદેશ) હોવાનું જણાવ્યું હતું. તેઓએ કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જાહેરનામા ભંગ બદલ તેની સામે વાપી ડુંગરા પોલીસ દ્વારા ગુનો નોંધવામાં આવ્યો હતો.



## ખેરગામમાં રાતેબ-એ-રિફાઈનનો જલસો યોજાયો

ખેરગામ : ખેરગામમાં શનિવાર રાત્રે રાતેબ-એ-રિફાઈનનો શાનદાર અને નુરાની જલસો ધર્મપ્રેમી જમીર અહમદ ગુલામ મુસ્તફા શેખના નિવાસસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે વડોદરાથી મુસ્લિમ ધર્મગુરુ હઝરત સૈયેદ કમાલુદ્દીન મઝહરુલ્લાહ રિફાઈ સાહેબે હાજરી આપી કાર્યક્રમને ધર્મમય બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન જમીરભાઈ શેખ અને તેમના પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. ગામના અગ્રણી અરવિંદ પટેલ, હર્ષદ આહીર, શૈલેષ ટેલર, જીગ્નેશ પટેલ (ઉપસરપંચ), સમસ્ત આદિવાસી સમાજના જિલ્લા પ્રમુખ ડો. નિરવ પટેલ, દીપક પટેલ, કાર્તિકભાઈ, અનિલ કાપડિયા, દીપકભાઈ, યોગેશ જોશી સહિતના ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે હર્ષદ આહિર અને અરવિંદ પટેલે જમીર શેખના સમગ્ર આયોજનને બિરદાવી આ કાર્યક્રમને કોમી એખલાસ અને ભાઈચારાની અનોખી મિશાલ ગણાવ્યો હતો. સૈયદ કમાલુદ્દીન મઝહરુલ્લાહ રિફાઈ સાહેબે તમામ મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કરી આશીર્વાદ આપ્યા હતાં. તેમણે પોતાના પ્રવચનમાં મુસ્લિમ સમાજને ધર્મ અને દેશ પ્રત્યે વફાદાર રહેવા તેમજ સર્વધર્મ સમભાવ સાથે પરસ્પર પ્રેમ, લાગણી, સહકાર અને ભાઈચારાથી જીવન જીવવાનો સંદેશ આપ્યો હતો.

ગુજરાત ગ્રામીણ બેંક

GUJARAT GRAMIN BANK

Scheduled Bank Owned by Government

APPENDIX IV
[See Rule 8(I)]
POSSESSION NOTICE

**Whereas,**
The undersigned being the Authorized Officer of the **Gujarat Gramin Bank** under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 and in exercise of Powers conferred under Section 13 read with the Security Interest (Enforcement) Rules, 2002, issued demand notices dated **19-01-2026** calling upon.
The Borrowers / Guarantor/Mortgagor **Mr. Saddamhusen Mukhtarahmad Saiyad, Mrs. Saminaben Mukhtarahmad Saiyad, Mr. Muntazar Mukhtarahmad Saiyad, Mr. Aezazahmad Mukhtarahmad Saiyad, Mr. Masumahmad Mukhtarahmad Saiyad** to repay the amount mentioned in the notice being **Rs. 14,92,292/- (Rupees Fourteen Lakhs Ninety Two Thousand Two Hundred Ninety Two Rupees Only) on 09-01-2026+ interest reversed Rs. 56,157.28/- and** further interest and expenses within 60 days from the date of notice/date of receipt of the said notice.
The Borrowers / Guarantor / Mortgagor having failed to repay the amount, notice is hereby given to the Borrowers / Guarantor / Mortgagor and the public in general that the undersigned has taken possession of the property described herein below in exercise of powers conferred on him/her under Section 13(4) of the said Act read with Rule 8 of the said Rules on this **09rd day of April of the year 2026**.
The Borrowers / Guarantor / Mortgagor in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of **the Gujarat Gramin Bank** for an amount of being **Rs. 14,92,292/- (Rupees Fourteen Lakhs Ninety Two Thousand Two Hundred Two Rupees Only) on 09-01-2026+ interest reversed Rs.56,157** and interest & expenses thereon until the full payment.
**The borrower's attention is invited to provision of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.**

**Description of immovable property**

**All the pieces and parcel of immovable property GAMTAL land and Residential Building situated at City Survey No. 393 Paikee, (182.28 Sq. Mtrs. Paikee 149.28 Sq. Mtrs.), Gram Panchayat Property No. 5/39 (Old No. 4/39), Jamadar Faliya, Vansda, Ta. Vansda, Dist. Navsari belonging to Saminaben Mukhtarahmad Saiyad, Muntazar Mukhtarahmad Saiyad, Aezazahmad Mukhtarahmad Saiyad, Masumahmad Mukhtarahmad Saiyad, and Saddamhusen Mukhtarahmad Saiyad.**

**Property Bounded by:**

| | |
|---|---|
| On the East | Public Road (Jamadar Faliya) |
| On the West | Adjoining Vado & Public Gali |
| On the North | City Survey No. 394 & 395 |
| On the South | City Survey No. 391 & 392 |

Date: 09-04-2026
Place:Vansda

Authorized Officer
Gujarat Gramin Bank

VDC BANK

## ધી વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ, વલસાડ.

વહીવટી ક્ચેરી:- “સહકાર સદન”, કચેરી રોડ, વલસાડ-૩૯૬૦૦૧ ફોન નં. (૦૨૬૩૨) ૨૪૧૪૨૪, ૨૪૮૭૨૫

The Valsad District Central Co-operative Bank Limited, Valsad.

Administrative Office:- “Sahakar Sudan”, Kacheri Road, Valsad-396001. Phone No. (02632) 241424, 248725 Email : cao@vdc.bank.in -Website: vdc.bank.in

## -:: લોકર ધારકો માટે લોકર તોડવા માટેની છેવટની નોટીશ ::-

આથી આ જાહેર નોટીશથી જણાવવાનું કે નીચે યાદીમાં દર્શાવેલા બેંકના લોકર ગ્રાહકોએ બેંકે સતત પત્રોથી જાણ કરવા છતાં લોકરભાડુ ચુકવેલ નથી, આમ તેઓએ બેંક સાથેના કરારનો ભંગ કરેલ છે જેથી સદર લોકર તોડવા માટે બેંક હકદાર બનેલ છે. જેથી આ જાહેર નોટીશ પ્રસિધ્ધ કરવાની બેંકને ફરજ પડેલ છે.

આ નોટીશ પ્રસિધ્ધ થયાના ૧૫ દિવસમાં લોકરભાડુ અને દંડની રકમ શાખામાં જમા કરાવી જવું અન્યથા આપના નામ સામે જણાવેલ તારીખ અને સમયે જે તે સાખામાં બેંક તરફથી લોકર તોડવાની કાર્યવાહી કરવામાં આવશે. આ કાર્યવાહી દરમ્યાન આપે હાજર રહેવાનું છે. આ કાર્યવાહી દરમ્યાન આપ ગેરહાજર રહેશો તો પણ બે સાક્ષીઓની હાજરીમાં લોકર તોડવામાં આવશે. અને તેના માટે આપ બેંક સામે કોઈપણ પ્રકારની નુકશાનીનો દાવો કરવા હકદાર રહેશો નહી.

| અ. નં. | નામ | લોકર નંબર | શાખાનું નામ | ૩૧-૧૨-૨૦૨૫ની કુલ બાકી રકમ રૂ. | લોકર તોડવાની | |
|---|---|---|---|---|---|---|
| | | | | | તારીખ | સમય |
| ૧ | મહેશ ઉમેદલાલ કંસારા | ૨ | સીટી વલસાડ | ૨૬,૦૦૦/- | ૦૮/૦૫/૨૦૨૬ | ૧૧.૦૦ |
| ૨ | પંકજ કાંતીલાલ શુકલ | ૧૯૯ | સીટી વલસાડ | ૩,૦૦૦/- | ૦૮/૦૫/૨૦૨૬ | ૧૧.૦૦ |
| ૩ | વિમળાબેન રતીલાલ શાહ | ૩૨૪ | સીટી વલસાડ | ૩,૦૦૦/- | ૦૮/૦૫/૨૦૨૬ | ૧૧.૦૦ |
| ૪ | વિમળાબેન રતીલાલ શાહ | ૩૮ | સીટી વલસાડ | ૩,૦૦૦/- | ૦૮/૦૫/૨૦૨૬ | ૧૧.૦૦ |
| ૫ | વસંત નાથુ જગતાપ | ૭૫ | આહવા | ૭,૦૭૯/- | ૦૬/૦૫/૨૦૨૬ | ૧૦.૦૦ |
| ૬ | કિશોર નાથુ જગતાપ | ૯૦ | આહવા | ૭,૪૬૨/- | ૦૬/૦૫/૨૦૨૬ | ૧૦.૦૦ |
| ૭ | ધનશ્યામ વસંતરાય ભદાણે | ૬૭ | આહવા | ૨૨,૬૩૯/- | ૦૬/૦૫/૨૦૨૬ | ૧૦.૦૦ |
| ૮ | નરેન્દ્રભાઈ વિઠ્ઠલભાઈ પટેલ | ૯૩ | નવસારી | ૨૬,૯૭૩/- | ૦૭/૦૫/૨૦૨૬ | ૧૨.૦૦ |
| ૯ | ગીતાબેન ભરતકુમાર દેસાઈ | ૭૧ | મરોલી બજાર | ૧૫,૮૦૦/- | ૦૭/૦૫/૨૦૨૬ | ૧૦.૩૦ |
| ૧૦ | ભરતભાઈ નાનુભાઈ દેસાર | ૬૬ | મરોલી બજાર | ૧૫,૮૦૦/- | ૦૭/૦૫/૨૦૨૬ | ૧૦.૩૦ |
| ૧૧ | નર્મદાબેન નટવરલાલ બલસારા | ૧ | મરોલી બજાર | ૧૫,૮૦૦/- | ૦૭/૦૫/૨૦૨૬ | ૧૦.૩૦ |
| ૧૨ | દયાળજી કાનજી ભગત | ૨૧ | કરાડી | ૪,૦૦૦/- | ૦૭/૦૫/૨૦૨૬ | ૦૧.૩૦ |
| ૧૩ | વિજલપોર પી.કો.ઓ. ક્રેડિટ સો લી. | ૧૪-A | ચીખલી | ૪,૧૮૦/- | ૦૭/૦૫/૨૦૨૬ | ૦૩.૦૦ |
| ૧૪ | ગોપાળ ભુપતલાલ સોની | ૭૩-A | ચીખલી | ૧૨,૨૪૦/- | ૦૭/૦૫/૨૦૨૬ | ૦૩.૦૦ |
| ૧૫ | પ્રકાશચંદ્ર ચિંતામણી પંડયા | ૭-B | ચીખલી | ૧૦,૩૮૦/- | ૦૭/૦૫/૨૦૨૬ | ૦૩.૦૦ |
| ૧૬ | માણેકશા પેસતનજી ખેરગામવાલા | ૧૧ | ખેરગામ | ૧૬,૪૩૭/- | ૦૬/૦૫/૨૦૨૬ | ૦૩.૩૦ |
| ૧૭ | મનોજકુમાર જ્યંતિલાલ સોની | ૬૪ | ખેરગામ | ૨૪,૮૮૩/- | ૦૬/૦૫/૨૦૨૬ | ૦૩.૩૦ |
| ૧૮ | અનિલભાઈ નગીનદાસ કાપડીયા | ૪૭ | ખેરગામ | ૧૬,૬૪૧/- | ૦૬/૦૫/૨૦૨૬ | ૦૩.૩૦ |
| ૧૯ | દિપક ઈશ્વરલાલ મોદી | ૭૫ | ખેરગામ | ૧૩,૪૪૬/- | ૦૬/૦૫/૨૦૨૬ | ૦૩.૩૦ |
| ૨૦ | કનૈયાલાલ અમૃતલાલ ગાંધી | ૧૦ | ખેરગામ | ૧૪,૯૦૧/- | ૦૬/૦૫/૨૦૨૬ | ૦૩.૩૦ |
| ૨૧ | બલદેવ ગોવિંદરામ પંડિત | ૧૬ | વાંસદા | ૫,૬૬૭/- | ૦૬/૦૫/૨૦૨૬ | ૦૧.૩૦ |
| ૨૨ | રશ્મીકાંત રમણલાલ ભટ્ટ | ૨૪ | વાંસદા | ૧૫,૮૨૭/- | ૦૬/૦૫/૨૦૨૬ | ૦૧.૩૦ |
| ૨૩ | રાધેશ્યામ તારાચંદ અગ્રવાલ | ૩૬ | વાંસદા | ૨૧,૫૬૫/- | ૦૬/૦૫/૨૦૨૬ | ૦૧.૩૦ |

તારીખ :- ૧૩/૦૪/૨૦૨૬
સ્થળ :- વલસાડ

ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર